ડિસેમ્બર ૨૦૨૫

# અક્રમ એક્સપ્રેસ



# મારું ગ્રુપ, તારું ગ્રુપ

## સંપાદકીય

બાળમિત્રો,

ગેમ્સ રમતી વખતે, પિકનિકમાં કે પછી ક્લાસ-પ્રોજેક્ટ્સમાં આપણને આપણા ફ્રેન્ડ્સના ગ્રુપમાં ગમે. પણ જો કોઈને આપણી સાથે ગેમ રમવી હોય અથવા રિસેસમાં બેસવું હોય તો આપણે એમને સમાવી લઈએ છીએ કે જુદા પાડીએ છીએ ? ક્યારેક આપણને એવું થાય છે, કે આપણું ગ્રુપ બેસ્ટ છે. અને એટલે જ આપણે કોઈને આપણા ગ્રુપમાં દાખલ થવા દેતા નથી. પણ આપણું ગ્રુપ સારું છે, એટલે શું બીજા લોકો ખરાબ થઈ ગયા ?!

જુદા જુદા રંગો ભેગા થાય ત્યારે સુંદર મેઘધનુષ બને. એ જ રીતે આપણે ભેગા મળીને રહીએ તો ખુશીઓના રંગોની મજા લેવાય. ચાલો જોઈએ, કે ચી-ચી લૅન્ડમાં પક્ષીઓ ભેગા મળીને રહેતા હતા કે જુદા જુદા ગ્રુપ્સમાં ? ક્રિસમસ વખતે બાળકોના બે ગ્રુપ્સ એક કેવી રીતે થયા ? આલુ-ચીલીની ફ્રેન્ડશિપ વાર્તામાં આગળ શું થયું ?

- ડિમ્પલ મહેતા

અક્રમ એક્સપ્રેસ

December, 2025
Year 18, Issue : 04
Conti. Issue No.: 208
Published Monthly

સંપર્ક સૂત્રઃ
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.

© 2025, Dada Bhagwan Foundation
All Rights Reserved

Price Per Copy: NIL

# AALOO CHILLY

આલુ-ચીલીની અત્યાર સુધીની વાર્તા એક સાથે વાંચવા...
**Click Here :** https://dbf.adalaj.org/R32d924x

ચીલી આલુ સાથે ફ્રેન્ડશિપ તોડીને જતો રહ્યો. બધા આલુને પૂછે છે, કે ચીલીના આવા વર્તન પછી પણ કેમ એ ચીલીનો બેસ્ટ ફ્રેન્ડ રહેવા માંગે છે ? ત્યારે આલુ એમના બાળપણની વાત કરે છે. બધા આલુને 'રંગીન રોતલુ' કહીને ચિડવતા હતા. ચીલીએ આલુને શિખવાડ્યું હતું, કે કોઈ એને ચિડવે, તો એણે એક મોટી સ્માઈલ આપવાની. જ્યારે સ્કેટિંગ રીંગ પર બધા આલુને ચિડવશે, ત્યારે શું એ સ્માઈલ આપી શકશે ?

જેવા મેં પગમાં સ્કેટ્સ પહેર્યા, કે બધા મદનિયાઓએ મને 'રંગીન રોતલું, રંગીન રોતલું' કહેવાનું ચાલુ કર્યું.



મને ફરી ડર લાગ્યો, એકલું લાગ્યું. ત્યાં તો ઝૂ...મ... કરતો ચીલી ઊડીને, મારી પાસે આવીને મને કહે, 'રંગીન છોતરાએ શિખવાડ્યું એ આટલું જલ્દી ભૂલી ગયો ? સ્માઈલ... !' અને પછી બધા મદનિયાઓને જોરથી કહ્યું, 'છીછ... છીછ... તમારા બધાનું નામ કહો. મારે મારી નોટમાં તમારું નામ લખવું છે. હું જ્યારે બેસ્ટ સિંગર બનીશ, ત્યારે તમને કોઈને મારો ઑટોગ્રાફ નહી આપું. તમે મારા બેસ્ટ ફ્રેન્ડને હેરાન કરો છો ને !' બોલો, હજુ તો એ સિંગર પણ નહોતો બન્યો અને રોફ એનો વિનરવાળો હતો. એની વાત સાંભળીને મને હસવું આવી ગયું.

મને હસતા જોઈને એણે જોરથી બૂમ પાડી, 'રંગીન રોતલું ! તું તો જલ્દી શીખી ગયો...' આ સાંભળીને મારા મોં પર હજુ મોટી સ્માઈલ આવી ગઈ.



એ સ્માઈલે મેજિક કર્યું. જ્યારે એ લોકો મને ચિડવતા ત્યારે હું સ્માઈલ કરતો. એટલે એ લોકોને મને 'રંગીન રોતલું' કહીને ચિડવવામાં મજા આવવાની બંધ થઈ ગઈ. થોડા દિવસમાં તો એમણે મને ચિડવવાનું બંધ કરી દીધું. બસ, ત્યાર પછી હું ને ચીલી ક્યારેય છૂટા નથી પડ્યા.



પાર્સલી, જે અત્યાર સુધી ચીલી પર ગુસ્સે હતો એ કહેવા લાગ્યો, 'તમને કોઈને ખબર નથી. મારો ચીલીભાઈ તો વર્લ્ડનો બેસ્ટ ભાઈ છે.'

મેં પાર્સલીને કહ્યું, 'કંઈ પણ થાય, હું ને ચીલી છૂટા નહીં પડીએ. ચાલ, આપણે એને શોધી કાઢીએ.'

અમે બધા જંગલમાં ચીલીને શોધવા નીકળ્યા. પાર્સલી આગળ ઊડી ગયો. પહેલા અમે તળાવે ગયા. ત્યાં એ નહોતો. સ્કૂલે

ગયા, ત્યાં પણ નહોતો. પછી અમે ચીલીના ઘરે ગયા, તો એ ત્યાં પણ નહોતો. ચીલીના મમ્મી પણ અમારી વાત સાંભળીને અમારી સાથે ચીલીને શોધવા નીકળ્યા. પછી મને યાદ આવ્યું, કે એ ચોક્કસ નદીએ ગયો હશે. એ જ નદી, જ્યાં અમે બેસ્ટ ફ્રેન્ડ બન્યા હતા. જેમ જેમ નદી નજીક આવતી ગઈ, મને વિશ્વાસ થતો ગયો, કે ચીલી અહીંયા જ હશે. ત્યાં તો મને નદીમાં કોઈના તરવાનો અવાજ આવ્યો. હું ખુશ થઈ ગયો, કે ચીલી મળી ગયો. હું આગળ દોડીને ગયો.

જોયું તો પાર્સલી નદીમાં તરતો હતો. મને પહેલી વાર પાર્સલીને જોઈને ચીઢ ચડી. મેં એને અકળાઈને પૂછ્યું, 'પાર્સલી, તું ચીલીને શોધવાને બદલે આ શું કરે છે ?'



નદી કિનારે પણ ચીલી ના મળ્યો, તો આખરે ચીલી ગયો ક્યાં ? અને આ પાર્સલી ચીલીને શોધવાના બદલે નદીમાં કેમ તરી રહ્યો છે ?

# આ તો નવી જ વાત !




**જ્યારે પણ ભેગા થાઓ, તો ભેગા થતા પહેલા પ્રાર્થના કરવાની, કે એકબીજા સાથે ભેદ પાડવા નથી, એકબીજાના નેગેટિવ જોવા નથી, એકબીજાને દુઃખ આપવા નથી, પ્રેમથી અને અભેદતાથી રહેવું છે.**

**છૂટા પડ્યા પછી કોઈના નેગેટિવ જોયા, કોઈના નેગેટિવ બોલ્યા, કોઈના નેગેટિવ બીજાને કીધા અથવા કોઈને આપણાથી દુઃખ થયું, એના પ્રતિક્રમણ કરવાના.**




મિત તો પોતાની જાતને બહુ મહાન સમજે છે. છોડો એને.
એવી રીતે છોડાય નહીં. આપણે પ્રાર્થના કરીએ કે એ આપણી સાથે મિક્સ થઈ જાય.
કોઈ આપણી સાથે મિક્સ ના થાય, તો એના માટે પ્રાર્થના કરવાની - હે દાદા ભગવાન, એ સરસ બધામાં સમાઈ જાય, અમે એકબીજા સાથે પ્રેમથી રહીએ, અમારાથી એને દુઃખ ના થાય.
એક નિશ્ચય કરવાનો, કે સામો ભેદ પાડે, તોય આપણે ભેદ પાડવો નથી.
જા, તારી સાથે કિટ્ટા.
પ્લીઝ, કિટ્ટા ના કર. ગાવાનો ચાન્સ પહેલા તું લે. પછી હું લઈશ.

# ચી-ચી લૅન્ડ

ચી-ચી લૅન્ડમાં જાતજાતના પંખીઓ રહેતા હતા. જુદા જુદા રંગ અને જુદા જુદા દેખાવવાળા. વર્ષોથી આ સુંદર ચી-ચી લૅન્ડ બે ભાગમાં વહેંચાઈ ગયું હતું. ચી-ચી લૅન્ડના કોઈ નકશામાં આ ભાગ નહોતા. પણ પક્ષીઓના દિલમાં ચોક્કસ હતા. આ બે ભાગ હતા, ફ્લાયર્સ (ઊડી શકતા પક્ષીઓ) અને નોન-ફ્લાયર્સ (ના ઊડી શકતા પક્ષીઓ).

ફ્લાયર્સ ઊંચા ઊંચા ઝાડો પર આલીશાન ઘરોમાં રહેતા હતા. ખબર નહીં કેમ, પણ તેઓ પોતાની જાતને નોન-ફ્લાયર્સ કરતાં ઊંચા જ ગણતા. આ વાત પીકુ પેંગ્વિનને સમજાતી નહોતી. પીકુ ઊડી નહોતું શકતું, પણ એને એવું પણ નહોતું લાગતું, કે



ઊડવું એ જ દુનિયાનું સહુથી શ્રેષ્ઠ કામ છે. પીકુ પેંગ્વિન અને ઓસો શાહમૃગ 'ઓ પંખીડા' નામનું એક કૅફે ચલાવતા હતા. આ કૅફેમાં ફ્લાયર્સ અને નોન-ફ્લાયર્સ બેઉ આવતા. પણ નોન-ફ્લાયર્સ કરતા ફ્લાયર્સ જુદા જ બેસતા.

એક દિવસ એક કિવિ, જે ઊડી નહોતું શકતું તે ફ્લાયર્સ સાથે જઈને બેસી ગયું. એણે ફ્લાયર્સને ખૂબ ખુશ થતા પૂછ્યું, 'ક્યાં ફરી આવ્યા તમે બધા ? એ જગ્યાની થોડી વાતો કહેશો ?'

પ્રશ્ન તો સાવ સાદો હતો. પણ બધાએ કિવિ સામે એવી રીતે જોયું, જાણે એણે કેટલી મોટી ભૂલ કરી દીધી હોય ! અને એની વાત સાંભળી જ ના હોય એમ પોતાની વાતોમાં લાગી ગયા. કિવિ એકદમ ગભરાઈને બીજા ટેબલ પર જતું રહ્યું.



આ જોઈને પીકુએ ઓસોને પૂછ્યું, 'એમની પાસે ઊડવા માટે પાંખો છે, એટલે એ લોકો ખાસ છે ?'

ઓસો બોલ્યો, 'કોઈને નીચા ગણે એ ખાસ કેવી રીતે હોઈ શકે !'

થોડા દિવસ પછી પોપી પોપટનો બર્થ ડે હતો. પોપીએ એની બર્થ ડે પાર્ટી રાખી. બધા જ ફ્લાયર્સને પાર્ટીમાં આવવાનું આમંત્રણ મળ્યું હતું, પણ

નોન-ફ્લાયર્સને નહીં.

પોપીએ 'ઓ પંખીડા' કૅફેમાંથી બધા માટે પીઝા ઑર્ડર કર્યા. પીકુ પીઝા લઈને પોપીના ઘરે ગયો. તે દિવસે એના બિલ્ડીંગની લિફ્ટ બગડી હતી અને પીકુભાઈ તો ઊડી નહોતા શકતા. પીઝા લઈને પીકુ ટૉપ ફ્લોર પર પહોંચ્યો. ત્યાં સુધી તો એ સાવ હાંફી



ગયો. ડૉરબેલ વગાડીને એણે પીઝા આપ્યા. એને પાણી પીવું હતું. પણ પોપીએ તો પીઝા લઈને ધડામ કરતું બારણું બંધ કરી દીધું. પીકુને દુઃખ તો થયું. પણ એ એટલો બધો થાકી ગયો હતો, કે ત્યાં જ નજીકમાં એક ખુરશી પર જઈને બેસી ગયો.

બીગોએ કાચની બારીમાંથી પીકુને બહાર ખુરશી પર બેઠેલો જોયો અને એને મજાક સૂઝી. એના ફ્રેન્ડ્સને લઈને એ બહાર આવ્યો અને જોરથી કહ્યું, 'એય નોન-ફ્લાયર, તું અહીંયા શું કરે

છે ? ઘરે જવાનો રસ્તો ભૂલી ગયો કે શું ?'

પીકુએ ધીમા અવાજે કહ્યું, 'હું પીઝા આપવા આવ્યો હતો. થાકી ગયો છું. એટલે થોડી વાર આરામ કરવા બેઠો છું.'

'ઓહ, થાકી ગયો છે ? તો પછી ઊડીને જતો રહે ને !', બીગોએ એની મજાક ઉડાવતા કહ્યું અને પછી નકલી પાંખો પીકુને પહેરાવીને બોલ્યો, 'ચલ, આ પહેરી લે અને ઊડીને જતો રહે.'

પીકુની આંખોમાં આંસુ આવી ગયા. બીગો અને એના ફ્રેન્ડ્સ જોરથી હસી પડ્યા. પીકુ દોડીને નીચે ઊતરી ગયો અને ઘરે જઈને બહુ જ રડ્યો.

આ વાતને ઘણો સમય વીત્યો. પીકુ વાત ભૂલી ગયો. પણ બંને ગ્રુપ વચ્ચેનો ભેદ તો એવો ને એવો જ રહ્યો.

શિયાળાના દિવસો હતા. કડકડતી ઠંડી પડી રહી હતી. અચાનક એક સવારે આખું ચી-ચી લૅન્ડ ધુમ્મસથી ઢંકાઈ ગયું. તે દિવસે ઊંચા ઊંચા વૃક્ષો પર રહેનારા ફ્લાયર્સ ક્યાંય જઈ જ ના શક્યા. એમને થયું, કે એકાદ દિવસમાં ધુમ્મસ ઓછું થઈ જશે. પણ ખબર નહીં આ તો વળી કેવું ધુમ્મસ હતું, કે દિવસોના દિવસો વીત્યા, પણ ધુમ્મસે તો જવાનું નામ જ ના લીધું.





હવે તો ફ્લાયર્સને ખાવા-પીવાનું શોધવા માટે બહાર નીકળવું જરૂરી હતું. પણ ધુમ્મસના કારણે કશું દેખાતું જ નહોતું. ના દેખાવાના કારણે એમને ખોરાક શોધવામાં બહુ જ તકલીફ પડવા લાગી. યાદશક્તિના આધારે તેઓ જગ્યા શોધવાની કોશિશ કરતા. પણ તોય ભૂલથાપ ખાઈ જતા. જે પાંખોના કારણે તેઓ ચી-ચી લૅન્ડમાં વિશેષ બનીને ફરતા હતા, તે જ પાંખો આજે એમના માટે સાવ

નકામી બની ગઈ હતી. પાંખો હોવા છતાંય તેઓ ઊડી નહોતા શકતા અને જમીન પર ચાલીને ફરવા માટે એમના પગમાં બળ નહોતું.

જમીન પર રહેતા નોન-ફ્લાયર્સ પર ધુમ્મસની એવી કોઈ ખાસ અસર નહોતી થઈ. એમની લાઈફ તો પહેલાની જેમ જ શાંતિથી ચાલી રહી હતી.

એક દિવસ બીગો અને પોપી ખાવાનું શોધવા માટે એમની બિલ્ડીંગમાંથી બહાર નીકળ્યા. દિવસો સુધી બરાબર ખાધું ના હોવાના કારણે એમનું શરીર નિર્બળ થઈ ગયું હતું અને ધુમ્મસના કારણે કશું દેખાતું પણ નહોતું. અચાનક, બીગો એક મોટા વૃક્ષ સાથે અથડાયો અને નીચે પડ્યો. એને ખૂબ વાગ્યું. પોપી એની સાથે જ હતો. પણ એને ખબર જ ના પડી, કે એ બીગોની મદદ કેવી રીતે કરે.



તે જ વખતે પીકુ અને ઓસો ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. બીગોને આવી હાલતમાં જોઈને પીકુ અને ઓસો એને ઊંચકીને પોતાના ઘરે લઈ આવ્યા. ડૉક્ટરે ડ્રેસિંગ કર્યું અને થોડા દિવસો સુધી નીચે જ આરામ કરવાની સલાહ આપી.

બીગોને પેલો દિવસ યાદ આવ્યો, જ્યારે એણે અને એના ફ્રેન્ડ્સે પીકુની બહુ જ મજાક ઉડાવી હતી. પોપીએ પોતાના બર્થ ડે પર એને ઘરની અંદર પણ આવવા નહોતો દીધો. આજે એ જ પીકુ એને પોતાના ઘરે લાવીને એની સારવાર કરાવી રહ્યો હતો. પીકુની માફી માંગવા માટે બીગો અને પોપી પાસે શબ્દ પણ નહોતા. છતાંય હિંમત કરીને બીગોએ પીકુને કહ્યું, 'પીકુ, તે દિવસે અમે તારી કેટલી બધી મજાક ઉડાવી હતી ! પણ આજે સમજાય છે કે ટાઈમ બદલાતા વાર નથી લાગતી. તારે પણ અમારી મજાક ઉડાવવી હોય તો ઉડાવી લે. પાંખો છે પણ ઉડાતું નથી, પગ છે પણ ચલાતું નથી.'





પીકુ બહુ જ ભાવુક થઈને બોલ્યો, 'હું શું કામ તમારી મજાક ઉડાવું ? તમે મારી મજાક ઉડાવી હતી, ત્યારે મને બહુ જ દુઃખ થયું હતું. મને રાત્રે ઊંઘ પણ નહોતી આવી. એવું દુઃખ હું કોઈને કેવી રીતે આપું ?'

બીગો અને પોપી તો પીકુને જોતા જ રહી ગયા.

વાતાવરણ હળવું કરવા પીકુ હસતા હસતા બોલ્યો, 'એ બધું ભૂલી જાઓ. પીઝા ખવડાવીને અમે તમને ફરી તાજા-માજા કરી દઈશું.'

તે દિવસે બીગો અને પોપીને સમજાયું, કે પાંખો હોવી એમાં કંઈ વિશેષ નથી, પણ આગળ-પાછળનું બધું જ ભૂલીને એકબીજાની સાથે હળીમળીને રહેવું, એ જ બહુ ખાસ છે !

થોડા દિવસોમાં બીગોને સારું થઈ ગયું. ધીમે ધીમે વાતાવરણમાંથી ધુમ્મસ પણ ઊડી ગયું. ચી-ચી લૅન્ડમાં ના તો હવે હવામાં ધુમ્મસ રહ્યું કે ના તો પક્ષીઓની દૃષ્ટિમાં. બે ભાગોમાં વહેંચાયેલું ચી-ચી લૅન્ડ હવે એક પરિવાર બની ગયું. ના તો હવે નકશામાં કોઈ ભાગ હતા કે ના કોઈના દિલમાં !

# જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તા : અમારા ક્લાસમાં ગ્રુપ્સ પડી ગયા છે. એક ગ્રુપ બીજા ગ્રુપ સાથે મિક્સ ના થાય અને બીજા ગ્રુપને નીચું ગણે. તો અમારે શું કરવું જોઈએ ?

પૂજ્યશ્રી : આમાં ક્યારેય સુખી નહીં થવાય. કોઈને નીચા ગણીને કેવી રીતે પોતે સુખી થવાય ? અને આજે બીજાને નીચા ગણે છે, કોઈક દહાડો આપણી એવી સ્થિતિ થશે ત્યારે ? આપણને નીચા ગણશે, તો પોસાશે ? માટે આપણે સમજો તો ખરા. આવડા મોટા સૂર્યનારાયણ આખી દુનિયાને પ્રકાશ આપે છે. તોય સાંજે આથમી જાય છે. તો આપણા જેવાના પુણ્યનો શો ભરોસો ? ક્યારે આથમી જાય કોઈ ભરોસો છે ?

આમ તો મોટો રોફ મારે છે, અમે પૈસાવાળા ને અમે ઈંગ્લીશ મીડિયમવાળા ને અમે આવા ને અમે તેવા ! ક્યારે જતું રહેશે બધું, કોઈ ભરોસો નથી. રડવાનો વખત આવશે. એના કરતાં ઈર્ષા ના કરો અને કોઈથી ભેદ ના પાડો. આપણે માણસાઈ



રાખવી છે. કોઈની સ્થિતિ ઓછી હોય તો એને નીચા ગણવા જેવા નથી, જુદા ગ્રુપ્સ પાડવા જેવું નથી. આપણે પ્રેમથી રહો. કોઈકને મુશ્કેલી હોય અને આપણી પાસે વધારે હોય, તો હૉટલોમાં ખોટા ખર્ચામાં વાપરી નાખવાને બદલે મુશ્કેલીવાળાને મદદ કરો. માનવતા રાખો, કે મારી પાસે વધારે છે, તો થોડું બીજાને હેલ્પ કરીશ.


પ્રશ્નકર્તા : ક્યારેક એકબીજાની ભૂલો કાઢીને ગ્રુપ્સ પડી જાય છે.

પૂજ્યશ્રી : ભૂલ કાઢવામાં આનંદ જતો રહે આપણો. જુદાઈમાં કેટલા દુઃખ છે ને ભેગા થવામાં કેટલો આનંદ છે ! નાની મોટી ભૂલ થાય, પણ એડજસ્ટ થઈને ચાલીએ તો આનંદ રહ્યા જ કરે. દરેક બાબતોમાં એડજસ્ટમેન્ટ એવા લઈએ, કે આપણો આનંદ જાય નહીં અને બધા સાથે હળીમળીને રહેવાય.

# મેરી ક્રિસમસ



દર વર્ષે મેપલ હાઈટ્સ એપાર્ટમેન્ટ્સમાં ક્રિસમસની ઉજવણી ખૂબ ઉત્સાહપૂર્વક થતી. પણ આ વર્ષે તો વાતાવરણ કંઈક અલગ જ હતું. ના તો કોઈ ઉત્સાહ દેખાતો હતો કે ના કોઈ તૈયારી. વાત એમ હતી, કે બધા બાળકો બે ગ્રુપમાં વહેંચાઈ ગયા હતા.



આરોહીના ગ્રુપને ભવ્ય રીતે ક્રિસમસ ટ્રી શણગારવું હતું અને ક્લબ હાઉસમાં એક મોટી પાર્ટી રાખવી હતી. જ્યારે ધ્રુવના ગ્રુપને સાદી રીતે ક્રિસમસની ઉજવણી કરવી હતી. જાતે બધી વસ્તુઓ બનાવીને શણગારવી હતી, ઘરે કુકિસ અને કેક બનાવવા હતા અને ક્રિસમસના ગીતો ગાઈને તહેવાર ઉજવવો હતો.




અને બસ, આ વાતને લઈને બાળકોના બે ગ્રુપ પડી ગયા. કોઈ એકબીજા સાથે કામ કરવા તો શું, વાત કરવા પણ તૈયાર નહોતું.
બસ, આ લોકોને તો દેખાડો જ કરવો હોય છે !
આ લોકો સાવ ચંબુ જેવા છે ! એમને કોઈ દિવસ સારા આઈડિયાસ આવતા જ નથી.

દિયા નવી નવી ત્યાં રહેવા આવી હતી. એ એટલી પ્રેમાળ હતી, કે એણે થોડા જ દિવસોમાં બંને ગ્રુપના બાળકો સાથે મિત્રતા કરી લીધી હતી. બધા સાથે મળીને ક્રિસમસ ઉજવવા માટે એ ખૂબ તત્પર હતી.






પણ જ્યારે બેઉ ગ્રુપ અંદર અંદર ઝઘડી પડ્યા, ત્યારે એને બહુ દુ:ખ થયું. એને થયું, 'ક્રિસમસ તો પ્રેમ અને એકતાનો તહેવાર છે અને આ જ તહેવારમાં આવી જુદાઈ !' દિયાને એક આઈડિયા આવ્યો. એક રાત્રે એણે ક્લબ હાઉસમાં બેઉ ગ્રુપને બોલાવ્યા.




બેઉ ગ્રુપ આવી પહોંચ્યા. ત્યાં જઈને બંને ગ્રુપને દિયા પર ગુસ્સો આવ્યો. કારણ કે કોઈ ગ્રુપને એવી નહોતી ખબર કે બીજું ગ્રુપ પણ આવવાનું છે.
સૉરી ફ્રેન્ડ્સ. ગુસ્સે ના થાઓ ! મેં તમને લોકોને એક કામ માટે બોલાવ્યા છે. મને તમારી હેલ્પની જરૂર છે.
મારા આન્ટી એક અનાથાશ્રમમાં કામ કરે છે. ક્રિસમસ વખતે અનાથાશ્રમના બાળકોને વસ્તુઓ ભેગી કરીને આપવાની છે. તેના માટે આન્ટીએ મારી હેલ્પ માગી છે. તમે લોકો પ્લીઝ મારી હેલ્પ કરશો ?


આરોહી અને ધ્રુવના ગ્રુપે એકબીજાની સામે જોયું. કામ તો સારું હતું. પણ એકબીજાની સાથે મળીને કામ કરવા કોઈ તૈયાર નહોતું. આરોહીએ ઘસીને 'ના' પાડી દીધી. ધ્રુવે કહ્યું, 'અમને પણ આમની સાથે કામ નથી કરવું.' દિયાએ કહ્યું, 'ઓકે, એકબીજા સાથે કામ ના કરતા. પણ જુદા જુદા તો કરી શકો ને ?'



બંને ગ્રુપ અચકાયા. પણ છેવટે તૈયાર થઈ ગયા. આરોહીના ગ્રુપે સરસ મજાના કપડાં અને રમકડાં પેક કર્યા. ધ્રુવના ગ્રુપે ક્રિસમસ કાર્ડસ અને ટેસ્ટી કુકિસ બનાવ્યા. ૨૪ ડિસેમ્બરે ગિફ્ટ્સ લઈને બધા અનાથાશ્રમ પહોંચ્યા.




અનાથાશ્રમના બાળકોની ખુશીનો પાર ના રહ્યો. એક બાળકે આરોહીને કહ્યું, 'કુકિસ બહુ જ મસ્ત છે. તમે જાતે બનાવી ?' આરોહી કંઈ કહે એ પહેલા ધ્રુવ બોલી ઊઠ્યો, 'હા, અમે બધાએ સાથે મળીને બનાવી છે.' ધ્રુવ અને એના ફ્રેન્ડ્સ તો એ બાળકોની ખુશી જોઈને જ ખૂબ ખુશ થઈ ગયા.
અનાથાશ્રમના બાળકોની ખુશી સામે ધ્રુવ કે આરોહીને 'મારા ગ્રુપે કર્યું કે એમના ગ્રુપે કર્યું' એ વાતનું કંઈ મહત્ત્વ જ રહ્યું નહોતું. જ્યારે કોઈએ ધ્રુવને રમકડાંની ગાડી માટે 'થેન્ક યૂ' કહ્યું, ત્યારે આરોહી બોલી, 'બધા સાથે મળીને રમજો !'


આમ, સાથે મળીને આવું સરસ કામ કર્યું ત્યારે ધ્રુવ, આરોહી અને એમના ફ્રેન્ડ્સ પણ એમનો ઝઘડો ભૂલી ગયા. બધાના મનમાં એક જ વાત હતી કે, ‘કોઈ ક્રિસમસ પાર્ટી અમને આટલી ખુશી ના આપી શકે, જેટલી આજે મળી.’
અનાથાશ્રમમાંથી પાછા ફરતી વખતે આરોહી બોલી, ‘ચાલો, આજે સાથે મળીને આપણે ફરી ક્રિસમસ કુકિસ બનાવીએ.’ તો ધ્રુવે કહ્યું, ‘હા, એ તો બનાવીએ. પણ ક્રિસમસ ટ્રી શણગારીને ક્લબ હાઉસમાં પાર્ટી પણ કરીશું.’



‘અરે, આ તો રોલ્સ બદલાઈ ગયા ને ? આરોહી ધ્રુવના રોલમાં આવી ગઈ અને ધ્રુવ આરોહીના !’ દિયા હસતા હસતા બોલી. આરોહીએ કહ્યું, ‘એ રોલ્સ બદલવામાં તારો સહુથી મોટો રોલ છે, દિયા. તેં અમને બેસ્ટ ક્રિસમસ ગિફ્ટ આપી છે.’




‘અને તમે લોકોએ મને !’ દિયાએ કહ્યું. દિયા માટે સહુથી મોટી ગિફ્ટ એ જ હતી, કે એના ફ્રેન્ડ્સ ‘મારું-તારું’ અને ઝઘડો ભૂલીને, હળીમળીને, પ્રેમ અને એકતાથી તહેવારની ઉજવણી કરવા તૈયાર થઈ ગયા હતા.

# Congratulations

ફ્યુઝનથી ચાલુ કરીને 30
દિવસ સળંગ પ્રતિક્રમણ કરીને
બન્યા છે આ બાળકો
LMHT ના પ્રતિક્રમણ સ્ટાર !






















વધું પ્રતિક્રમણ સ્ટાર
છેલ્લાં Page
પર જુઓ.









# મીઠી યાદેં...

મારી બારમા ધોરણની બૉર્ડની પરીક્ષા નજીક આવી રહી હતી. મને પરીક્ષાની બહુ જ ચિંતા થઈ રહી હતી. પરીક્ષાના એક-બે દિવસ પહેલા નીરુમાનો મુંબઈમાં સત્સંગ હતો. મને થયું, કે હું નીરુમા જોડે વાતચીત કરીશ, તો કંઈક ઉકેલ આવશે. એટલે હું સત્સંગમાં ગઈ.

સત્સંગમાં મેં નીરુમાને પ્રશ્ન પૂછ્યો, 'મને બહુ ટેન્શન થાય છે, નીરુમા. હું શું કરીશ ? શું લખીશ ?' મને હતું, કે નીરુમા મને એવા વાક્યો કહેશે, કે મને સારું લાગશે. પણ નીરુમાએ તો મને કડક શબ્દોમાં કહ્યું, 'એક તો આજ્ઞામાં રહેતી નથી અને ઉપરથી એમ કહે છે, કે મને ટેન્શન થાય છે, મને આશીર્વાદ આપો ! પહેલા એમ કહે, કે તું આજ્ઞામાં રહીશ ?' તો મેં કહ્યું, 'હા, હા આજ્ઞામાં રહીશ.' તો પછી નીરુમાએ કહ્યું, 'સારું, સત્સંગ પૂરો થયા પછી સ્ટેજ પર આવી જજે.'



સત્સંગ પછી હું સ્ટેજ પર ગઈ. નીરુમાએ મને એમના ખોળામાં માથું મૂકવાનું કહ્યું અને એમણે વિધિ કરી. જેવું મેં નીરુમાના ખોળામાં માથું મૂક્યું, કે મને એવો પ્રેમ લાગ્યો કે શું કહું ! ખબર નહીં એમના ખોળામાં શું જાદુ હતો, કે મને તરત જ અંદર બહુ જ શાંતિ થઈ ગઈ અને એટલો બધો આનંદ, આનંદ, આનંદ થયો, કે ના પૂછો ને વાત ! પછી વિધિ પૂરી થઈ અને હું નીરુમાના દર્શન કરીને પાછી ઘરે જવા નીકળી. એ જ ટાઈમથી મને અંદર આનંદ શરૂ થઈ ગયો હતો અને ચિંતા તો એકદમ ગાયબ થઈ ગઈ હતી.

પરીક્ષાનું પેપર લખતી વખતે મને અંદર સતત 'અસીમ જય જયકાર' ચાલુ જ રહે. બાર દિવસ પરીક્ષા ચાલી અને છેલ્લા દિવસ સુધી અંદર સતત 'અસીમ જય જયકાર' ચાલુ જ રહ્યા. બંધ જ નહોતા થયા. પેપર લખતી વખતે અંદર 'અસીમ જય જયકાર' ચાલુ હોય અને આન્સર લખાતા જાય. અને મને અંદર એટલી બધી શાંતિ હતી, કે બે-બે પેપર સાથે હોય તો પણ કોઈ ચિંતા ના થાય. પરીક્ષામાં હું સારા માર્કસે પાસ થઈ ગઈ.



# જ્ઞાન મંદિર(ગુરુકુળ) અડાલજમાં પ્રવેશ શરૂ





જ્ઞાનમંદિરમાં રહીને પરમ પૂજ્ય દાદા ભગવાનનું જ્ઞાન થકી પોતાના દીકરામાં સંસ્કાર સિંચન થાય તેવું ઈચ્છતા માતા - પિતાએ પોતાના દીકરાના ઈન્ટરવ્યુ માટે જ્ઞાનમંદિર, સીમંધર સિટી(અડાલજ) એડમિશન માટે ફોનથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

રજીસ્ટ્રેશન ફક્ત ધો. ૫ થી ૯ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ(છોકરાઓ) માટે જ છે.

**વધુ માહિતી માટે નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરવો.**
**સંપર્ક સમય: સવારે ૧૦ થી સાંજે ૭ વાગ્યા સુધી રેહશે.**
**મો. - ૯૯૨૪૩૪૪૮૧**

Click Here : https://linktr.ee/gnanmandirgurukul

**તમે પણ આજે**
**જ ચાલુ કરી દેજો અને**
**બનજો, પ્રતિક્રમણ સ્ટાર !**




**ક્લિક કરો અને તમારું પ્રતિક્રમણ કેલેન્ડર**
**ડાઉનલોડ કરી પ્રિન્ટ કરો.**

https://dbf.adalaj.org/MZvLUf4l